**COVID-19ની સારવાર માટે SSG Hospital, Vadodaraને પાશ્ચાતવર્તી અસરથી ડેઝીગ્નેટ કરવા બાબત.**

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.૧/ગ(પા.ફા.૦૪)

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય,ગાંધીનગર.

તા. 30 MAR 2021

**વંચાણે લીધા:**

1. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જાહેરનામા ક્રમાંક:૧૫/એનસીવી/૧૦૨૦૨૦/એસ.એફ.એસ.-૧/ગ તા.૦૭.૦૪.૨૦૨૦
2. વડોદરા મહાનગરપાલિકાનો ઠરાવ ક્રમાંક-૦૮/આરોગ્ય/કોવીડ-૧૯/૨૦૨૦-૨૦૨૧ તા.૧૭/૦૬/૨૦૨૦
3. તબીબી અધિક્ષક, એસ.એસ.જી હોસ્પિટલ,વડોદરાનો તા.૩૧-૦૮-૨૦૨૦ના પત્ર ક્રમાંક:SSG/MS/DCH/જાહેર/૪૪૦/૨૦૨૦
4. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના જાહેરનામા ક્રમાંક:૩૭/એનસીવી/૧૦૨૦૨/૦/એસ.એફ.એસ.૧/ગ(પા.ફા.૦૪) તા.૨૫/૦૯/૨૦૨૦.
5. કમિશનરશ્રી(આરોગ્ય)ની તા.૦૮/૦૧/૨૦૨૧ ની સીગ્લ ફાઈલ સીસ્ટમથી મળેલ દરખાસ્ત.

**પ્રસ્તાવના:**

રાજયમાં કોવિડ-૧૯ના દર્દીઓની સારવાર માટે શરૂઆતના તબક્કે વંચાણે લીધેલ ક્રમ-(૧)ના જાહેરનામાંથી અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરા ખાતેની ચાર કોવિડ હોસ્પિટલો નોટીફાઈ કરવામાં આવેલ હતી. જેમાં વડોદરામાં COVID-19ના દર્દીઓની સારવાર માટે જી.એમ.ઈ.આર.એસ.,ગોત્રી, વડોદરાને ડેઝીગ્નેટ કરવામાં આવેલ પરંતુ પરિસ્થિતિને ધ્યાને લઈ વડોદરાના ખાસ ફરજ પરના અધિકારીશ્રી દ્વારા વંચાણે લીધેલ ઠરાવ ક્રમાંક-(૨) થી એસ.એસ.જી હોસ્પિટલ,વડોદરાને COVID-19ને સ્પેશ્યલાઈઝડ હોસ્પિટલ જાહેર કરવામાં આવેલ અને વંચાણે લીધેલ ક્રમ-(૩) થી રાજય સરકારને ડેજીગ્નેટ હોસ્પિટલ તરીકે નોટીફાય કરવાની દરખાસ્ત કરેલ હતી. જે અન્વયે વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૪) ના તા.૨૫-૦૯-૨૦૨૦ ના જાહેરનામાંથી એસ.એસ.જી હોસ્પિટલ,વડોદરાને COVID-19 માટે સ્પેશ્યલાઈઝડ હોસ્પિટલ તરીકે નોટીફાય કરવામાં આવેલ હતી.

વંચાણે લીધેલ ક્રમ-(૫)થી કમિશ્નરશ્રી આરોગ્ય,ત.સે અને ત.શિ ની દરખાસ્ત મુજબ એસ.એસ.જી હોસ્પિટલ,વડોદરાને વિભાગ દ્વારા તા.૨૫/૦૯/૨૦૨૦થી એસ.એસ.જી હોસ્પિટલ,વડોદરાને COVIDની સારવાર માટે નોટીફાય કરેલ પરંતુ આ હોસ્પિટલમાં માર્ચ-૨૦૨૦થી કોરોના દર્દીઓની સારવાર કરવામાં આવેલ હોવાથી વિભાગના વંચાણે લીધેલ

ક્રમ-(૪) ના જાહેરનામાં સુધારો કરી માર્ચ-૨૦૨૦ થી કોવીડ હોસ્પિટલ તરીકે ડેજીગ્નેટ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પ્રસ્તુત બાબતે સરકારશ્રીની પુખ્ત વિચારણાના અંતે એસ.એસ.જી હોસ્પિટલ,વડોદરાને તા.૧૩/૦૩/૨૦૨૦ની અસરથી વંચાણે લીધેલ ક્રમ-(૪)ના જાહેરનામાની અન્ય તમામ શરતો યથાવત રાખી COVID-19 માટે સ્પેશ્યલાઈઝડ હોસ્પિટલ તરીકે નોટીફાય કરવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૯/૦૩/૨૧ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એ.બાદી)
ઉપસચિવ,
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. નાયબ મુખ્ય મંત્રીશ્રી (આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ, ગાંધીનગર.
- મિશન ડાયરેકટરશ્રી,એન.એચ.એમ., એન.એચ.એમ. ભવન, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, (ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર
- મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકા,વડોદરા
- તબીબી અધિક્ષકશ્રી, એસ.એસ.જી. હોસ્પિટલ, વડોદરા
- અધિક નિયામકશ્રી,(તમામ) કમિશ્નરશ્રી (આરોગ્ય)ની કચેરી, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારીશ્રી,સિલેક્ટ ફાઈલ
- શાખા સિલેક્ટ ફાઇલ – ૨૦૨૦